બંગલા

કિંમત રૂા. ૫/-

# શ્રી કચ્છી વિશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ.

સંચાલિત :

# માતુશ્રી ઉમરબાઈ લાલજી વેલજી એન્કરવાલા આરોગ્યધામ

**કાર્યાલય :**
**શ્રી. ક. વિ. ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી**
અમરસન્સ સભાગૃહ, ૧લે માળે,
૭૦ /૮૦,ડૉ. આંબેડકર રોડ,વોલ્ટાસની સામે,
ચીચપોકલી, મુંબઈ - ૪૦૦ ૦૧૨.
ફોન : ૨૩૭૨ ૧૦૮૪, ૨૩૭૩ ૪૬૭૮
**કાર્યાલય સમય :** બપોરના ૧૧-૦૦ થી ૫-૦૦

**સ્થળ :**
પ્લોટ નં. ૧૪૭ - એ, ૧૪૮ - એ,
ન્યુ તુંગારલી રોડ, બીજીસ હોટલની બાજુમાં,
લોનાવલા (વેસ્ટ), તાલુકો - માવલ,
જીલ્લો - પૂના, પીન - ૪૧૦ ૪૦૧.
ફોન નં : STD CODE : 02114 - 273270
STD CODE : 02114 - 270894

e-mail: contact@kvosjainmahajan.org, website : www. kvosjainmahajan.org
Bank Name : State Bank Of India, Lalbaug Branch, A/c No : 30198489284

**સુજ્ઞ મહાશયો,**

જત હું નીચે સહી કરનાર આથી ઉપરોક્ત આરોગ્યધામમાં પાંચ રૂમ/ચાર રૂમના યુનિટનો વપરાશ મેળવવા માટે અરજી કરું છું. જે માટે નીચેની વિગતો પુરી પાડું છું.

હું અરજી કરનાર શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન / શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન માં સભ્ય છું મારૂં સભ્યપદ નં...............

અરજદારનું નામ : ____________ ગામ : ____________

અરજદારની જ્ઞાતિ : ____________ ધંધો / વ્યવસાય : ____________

રહેઠાણનું સરનામું : ____________

e.mail : ____________ મો.નં. : ____________ ફોન નં. : ____________

ધંધાનુ સરનામું : ____________

ફોન નં. : ____________

આ આરોગ્યધામનો લાભ અરજદાર કે તેમના કુટુંબીઓએ અગાઉ લીધો છે ? હા /ના

લાભ લીધો હોય તો છેલ્લો વપરાશ કયારથી અપાયેલો હતો ____________

કયારથી જોઈએ છે ____________ કેટલી મુદત માટે ____________

જો ત્યારે નહી મળી શકે તો તાઃ ____________ અથવા તાઃ ____________

મળી શકે તો જોઈએ છે.

માંદગીના કે હવાફેરના કારણે વપરાશ માટે જેઈએ છે ? ____________

## માંદગીના કારણે જોઈતો હોય તો નીચેની વિગતો ભરવી

આરોગ્યધામનો વપરાશ જેના માટે જોઇતો હોય તેમનું નામ : ____________

અરજદાર સાથેનો તેમને સંબંધ : ____________

તેમને છેલ્લી કઈ માંદગી હતી / છે : ____________

કેટલા સમયથી : ____________

કયા ડૉકટરની સારવાન હેઠળ હતાં / છે : ____________

.........2

## મારી સાથે નીચે મુજબની વ્યક્તિઓ આરોગ્યધામમાં રહેવા આવશે.

| ક્રમ | નામ | અરજદાર સાથે સંબંધ | ઉંમર | |
|---|---|---|---|---|
| ૧) | | | | |
| ૨) | | | | |
| ૩) | | | | |
| ૪) | | | | |
| ૫) | | | | |
| ૬) | | | | |
| ૭) | | | | |
| ૮) | | | | |
| ૯) | | | | |
| ૧૦) | | | | |
| ૧૧) | | | | |
| ૧૨) | | | | |

ઉપરોક્ત વ્યક્તિઓમાંથી બીજીકોઈ વ્યક્તિની આરોગ્યધામમાં બ્લોક મેળવવાની અરજી ચાલુ નથી.
આપ અપના કૉમ્પ્યુટરથી પ્રિન્ટઆઉટ લઈને ફોર્મ મોકલાવવાના હો ત્યારે નીચે મુજબ ડિપોઝીટ નો ચેક/કેશ મોકલાવજો.
૨ બેડરૂમ - રૂા. ૧૦૦૦/- ૩ બેડરૂમ - રૂા.૧૫૦૦/-

અરજદારની સહી

## ઑફીસે ભરવાની વિગતો

અરજી મળી તા : ________ અરજી મંજુર / નામંજુર તા : ________

બ્લોક નં. : ________ આપ્યો તાઃ ________ થી તા : ________

ખબર આપી તા : ________ રજા ચિઠઠી નંબર : ________

ડીપોઝીટ રસીદ નંબર : ________ ડીપોઝીટ રસીદ નંબર : ________

સમય વધારી આપ્યો તા : ________ સુધી વપરાશ ચિઠઠી નં : ________

ડીપોઝીટ પાછી આપી તા : ________

શેરો : ________

**લાભ લીધો**

| મહિના | દિવસ |
|---|---|
| | |

૧) આરોગ્યધામની જગ્યા હવાફેર તથા આરામ માટે, કામચલાઉ ધોરણે સંસ્થાના નિયમોને આધીન વપરાશ માટે આપવામાં આવે છે.

૨) અરજીપત્રકની સાથે નિયત કરેલી રકમ ડીપોઝીટ તરીકે આપવાની રહેશે. અને અરજી મંજુર થયેથી વપરાશ ચાર્જની રકમ ભરી રજા ચિઠ્ઠી મેળવવાની રહેશે. અરજી નામંજુર કરવાના કારણો આપવામાં આવશે નહિં.

૩) આ અરોગ્યધામની જગ્યા ફક્ત શાકાહારીઓને જ વપરાશ માટે મળશે.
(ઈંડા, માસ - મચ્છિનો વપરાશ તેમજ મધપાન - જુગાર નિષેધ છે.)

૪) અરજદારે અરજીમાં પુરેપૂરી વિગતો લખવાની રહેશે. અધુરી કે ખોટી વિગતોવાળા અરજીપત્રક પર વિચારણા કરવામાં આવશે નહી.

૫) બિમાર વ્યક્તિ રહેવા આવનાર હોય તો તેની માંદગીની પૂરી વિગતો તથા તબીબી પ્રમાણપત્ર સાથે આપવાનું રહેશે. પરંતુ મગજની અસ્થિરતાવાળા કે ક્ષય, કોલેરા તથા બીજા ચેપી રોગોવાળા માણસોને રહેવા દેવાંમા આવશે નહી.

૬) યુનિટના વપરાશ માટે મંજુર થયેલ તારીખથી ૫ દિવસમાં ત્યાં રહેવા પહોંચી જવાનુ રહેશે અન્યથા રજા ચિઠ્ઠી રદ્‌બાતલ થયેલી ગણવામાં અવશે. આ રજાચિઠ્ઠી બીજાના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી.

૭) વપરાશકારે યુનિટનો કબજો લેતા પહેલા આરોગ્યધામના મેનેજર પાસે જરૂરી નોંધ કરવવાની રહેશે.

૮) અરજીપત્રકમાં જણાવેલ નામો ઉપરાંત ટુંક સમય માટે તે જગ્યામાં રહેવા આવનાર નામ આદિ વિગતો ફરજીયાત નોંધાવવાની રહેશે.

૯) આરોગ્યધામની જગ્યાનો કાયદેસરનો હક્ક તથા કબજો સંસ્થાને અને તેના વતી સંસ્થાના ટ્રસ્ટીઓનો તેમ જ અધિકારીઓનો રહેશે. મજકૂર જગ્યા માત્ર વપરાશ માટે અરજદારને કે તેની સાથે રહેવા આવનારને નિયમાધીન કામચલાઉ ધોરણે આપવામાં આવે છે, તેથી તે જગ્યામાં તેમના ભાડુત તરીકે કે અન્ય કોઈપણ હક્ક પ્રાપ્ત થતા નથી અને તેવો કોઈપણ સંજેગોમાં હક્ક દાવો તેઓ કરી શકશે નહી.

૧૦) રજા ચિઠ્ઠી મળી ગયા પછી એ રદ કરાવવાની હશે તો સંસ્થાના નિયમ મુજબ કપાત કરી, બાકીની રકમ પરત કરવામાં આવશે.

૧૧) આરોગ્યધામની જગ્યા જે હેતુઓ માટે વપરાશ માટે આપવામાં આવી છે તે સિવાય આ જગ્યાનો ઉપયોગ ધંધાકીય કે અન્ય અમાન્ય, પ્રતિબંધિત, ગેરકાનૂની કે અસામાજિક હેતુઓ માટે નથી.

૧૨) કોઈપણ વ્યક્તિ બીજાઓના નામે અરજી કરી આરોગ્યધામનો લાભ લેતો જણાશે અગર અગાઉથી જેમના નામો ન નોંધાવેલ હોય તેવી વ્યક્તિઓ કોઈપણ યુનિટમાં રહેતી જણાશે તો તેમને તથા સાથે રહેનાર સઘળાને તરત જ તે જગ્યા ખાલી કરાવવામાં આવશે.

૧૩) કોઈપણ કારણસર આરોગ્યધામના સંચાલકો તરફથી વપરાશ માટે મળેલી જગ્યા ખાલી કરી આપવાનું જણાવવામાં આવતા વપરાશકારોએ તે જગ્યા તુરત ખાલી કરી આપવાની રહેશે. ખાલી કરવવાના કારણો આપવા સંચાલકો બંધાયેલા નથી.

૧૪) યુનિટનો કબજો લેતી વખતે સાથે આપવામાં આવતી દરેક નાની - મોટી વસ્તુઓની યાદી વપરાશકારે કર્મચારીની યાદી સાથે જોઈ, તપાસી, મેળવી તથા ગણી લેવી. જગ્યા પાછી આપતી વખતે તે બધી વસ્તુઓ પૂરેપૂરી અને મૂળ હાલતમાં સુપ્રત કરવાની રહેશે.

૧૫) વપરાશ માટે આપવામાં આવેલ યુનિટમાં તથા આરોગ્યધામના આખા સંકૂલમાં પૂરતી સ્વચ્છતા રાખવી અને માલ-મિલકતની પૂરતી કાળજી કરવી, કયાંય ગંદકી ગેર - ઉપયોગ કે કોઈ જાતનું નુકશાન કરવું નહી કે ઉપરથી કચરો નીચે ફેકવોં નહી. જગ્યામાં કયાંય ખીલા વગેરે ખોડવા નહી તથા આપેલી ચીજેના દુરુપયોગ કરવો નહી.

૧૬) વપરાશ માટે આપવામાં આવેલ ગાદલા નીચે કંતાન પાથરવા તથા ગાદલા, તકીયા વગેરે ખોલ કે ઓછાડ વગર વાપરવા નહીં તથા નાના બાળકો હોય તો ગાદલા ઉપર રબ્બર વિગેરે પાથરીને વપરાશ કરવો. ગાદલા વિગેરે કોઈ પણ કારણે ખરાબ થશે તો તેનો ધોલાઈ ખર્ચ અને ફરીથી થનાર ભરાઈ ખર્ચ વિગેરે લેવામાં આવશે.

૧૭) આરોગ્યધામની વસ્તુઓ બહાર લઈ જવા દેવામાં આવશે નહી.

૧૮) આરોગ્યધામમાં રહેનારા કે તેમને મળવા આવનારાઓ તરફથી અન્ય રહેનારાઓને ત્રાસરૂપ થાય તેવું વર્તન, ગેરશિસ્ત કે પ્રતિબંધિત પ્રવૃત્તિઓ કરવી નહી.

૧૯) આરોગ્યધામમાં રહેવા આવનાર પોતાના હિસાબે ને જોખમે આરોગ્યધામમાં રહેશે તેમની કોઈ ચીજ - વસ્તુઓ ગુમાઈ જાય કે ચોરાઈ જાય કે અન્ય કોઈપણ પ્રકારે કંઈ નુકશાન કે ઈજા થાય તો તેની જવાબદારી સંસ્થાની કે તેના સંચાલકોની રહેશે નહી.

૨૦) આરોગ્યધામમાં રહેવા આવનારને આપવામાં આવેલી જગ્યા કે સર - સમાન સિવાય આરોગ્યધામની બીજી કોઈ જગ્યા
કે સર - સામાનનો ઉપયોગ કરી શકશે નહી.

૨૧) આરોગ્યધામમાં જે પ્રવૃત્તી માટે જે નિયમો મુકરર કરેલ હશે તેનું યોગ્ય રીતે કડક પાલન કરવાનું રહેશે.

૨૨) આરોગ્યધામમાં બપોરના ૧.૩૦ થી ૩.૩૦ તથા રાત્રે ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ વાગ્યા સુધીનો સમય શાંતિનો
સમય રહેશે અને તે સમય દરમ્યાન રમત - ગમત, રેડીયો કે અન્ય કોઈ રીતે પણ ઘોંઘાટ, અવાજ કરવાની સખ્ત મનાઈ છે.

૨૩) આરોગ્યધામમાં રહેવા આવનાર વ્યક્તિને કોઈપણ જાતના પશુ - પંખીઓ સાથે લાવવા દેવામાં આવશે નહી.

૨૪) રહેવા કે મળવા આવનાર પોતાની સાથે મોટરકાર લાવેલ હશે તો અગાઉથી પરવાનગી લઈને તથા મોટર નંબર નોંધાવીને
મોટર રાખવા દેવામા આવશે.
પાર્કીંગ ચાર્જ :- (દરરોજના રૂા. ૧૦/- લેવામાં આવશે.)

૨૫) પોતાને વપરાશ માટે મળેલ જગ્યાનો તથા આરોગ્યધામની અન્ય જગ્યાનો ઉચિત રીતે, અન્ય કોઈને નડતર વિના
ઉપયોગ કરવો, સમગ્ર મકાન , કમ્પાઉન્ડ, બગીચા વિગેરેમાં કયાંય કોઈ જાહેરાત, લખાણ કે કાગળીયા લગાડવા નહીં
કે અન્ય કોઈ રીતે નુકશાન પહોંચાડવુ નહીં.

૨૬) આરોગ્યધામના ટ્રસ્ટીઓ, અધિકારીઓને તપાસ માટે બ્લોકમાં પ્રવેશવાનો કોઈપણ સમયે હકક
રહેશે અને તેનો વપરાશ કરનાર પ્રતિકાર કરી શકશે નહી.

૨૭) ટેલીફોન વપરાશ / ઉપયોગ નિયમાધીન રહેશે.

૨૮) આરોગ્યધામ અંગે કાંઈપણ ફરિયાદ કે તકરાર હોય તો મેનેજર કે કર્મચારીઓ સાથે વાદવિવાદ ન કરતાં ફરિયાદ પોથીમાં
ફરિયાદ લખવી. કોઈપણ ફરિયાદ કે વરવાંધા અંગે ટ્રસ્ટીઓ/અધિકારીઓનો નિર્ણય આખરી અને વપરાશકારને બંધનકર્તા રહેશે.

૨૯) આરોગ્યધામ આપવા માટે સમયની ગણતરી સામાન્ય રીતે નીચે મુજબ (અંગ્રેજી મહિના પ્રમાણે) રહેશે.

અ) મહિનો : ૧ લી તારીખથી ૨૯ / ૩૦ તારીખ.

બ) ૧૫ દિવસ : ૧ લી ૧૪ અથવા ૧૬ થી ૨૯ / ૩૦ આખર તારીખ.

ક) દૈનિક : સવારના ૮ - ૦૦ થી બીજા દિવસે સવારના ૮ - ૦૦ વાગ્યા દરમ્યાનનો સમય

૩૦) યુનિટ કે અન્ય કોઈપણ ચીજ - વસ્તુના વપરાશ માટેની મુદત પૂરી થયેલી અગર અન્ય જણાવેલ કે ન જણાવેલ
કારણોસર વપરાશ હકક રદદબાતલ કર્યેથી તે વખતે જગ્યાનો તથા વાપરવા મળેલ અન્ય તમામ સર - સામાનનો કબજો
મૂળ હાલતમાં - ટ્રસ્ટીઓ, અધિકારીઓ, અધિકૃત કર્મચારીઓને સોંપી દેવાનો રહેશે. તેમ કરવામાં જે વપરાશકાર નિષ્ફળ
જશે તો સતાની રૂએ યોગ્ય રીતે કબજો લઈ લેવામાં આવશે.

૩૧) ઉપર જણાવેલ ધારાધોરણો અને નિયમો ઉપરાંત વખતોવખત જે કાંઈ સુધારા - વધારા કરવામાં આવશે તે અરજદાર તથા
તેની સાથે રહેનારાઓને બંધનકર્તા રહેશે.

૩૨) આરોગ્યધામના વપરાશ ચાર્જની તથા સર - સામાનના વપરાશ ચાર્જની તથા અન્ય સેવાઓ માટેના ચાર્જની રકમો
વખતોવખત સંચાલકો તરફથી નકકી કરવામાં આવશે અને તે વપરાશકારે ભરવાની રહેશે.

૩૩) ઉપરોક્ત તમામ નિયમોને તથા વખતોવખત જે કંઈ નિયમો કે આદેશ બહાર પાડવામાં આવે તેનો અનાદર કે ભંગ
કરનાર અને નિયમો મુજબ નહીં વર્તનાર પાસેથી અરોગ્યધામના બ્લોક તરત ખાલી કરાવવામાં આવશે તથા ડીપોઝીટની
રકમ જપ્ત કરવામાં આવશે.

૩૪) યુનિટ કે વપરાશ માટે લીધેલી કોઈપણ ચીજ - વસ્તુને નુકશાન થયું હશે કે તૂટફૂટ થઈ હશે કે ગુમ થયેલ હશેતો તે
સંસ્થાને નકકી કરેલ રીતે વપરાશકારે ભરપાઈ કરી આપવાની રહેશે. તે પછી જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૩૫) નિયમના ભંગ માટે અન્ય કારણોસર જગ્યા ખાલી કરાવવા જતાં સંસ્થાને જે નુકશાની કે કાર્યવાહીનો ખર્ચ થયેલ હશે તે
વપરાશકારોએ ભરપાઈ કરી આપવાનો રહેશે.

૩૬) નિયમોના ભંગ કરનારને બીજીવાર આરોગ્યધામની જગ્યા વપરાશ માટે આપવામાં આવશે નહીં.

૩૭) જે અરજીપત્રક નામંજુર કરવા જેવું હશે અગર જેમને આરોગ્યધામની યુનીટ વપરાશ માટે નિયમાનુસાર નહીં આપવાનો
હશે તેમને શરતચુકથી વપરાશની મંજુરી અપાઈ ગઈ હશે તો ખબર પડતાં પાછળથી તે રદદ્ કરી બ્લોક ખાલી કરાવવામાં
આવશે.

૩૮) ઉપરોક્ત નિયમોમાં ફેરફાર તથા નવા નિયમો કરવાનો મહાજનશ્રીને હકક રહેશે અને તેના સર્વ નિયમો આરોગ્યધામનો લાભ
લેનારને બંધનકર્તા ગણાશે.

તારીખ : અરજદારની સહી